# ગુજરાત સમાચાર

Surat 26 April, 2018


### રાજ્યમાં શિશુમૃત્યુના પ્રમાણને ઘટાડવા

# ધરમપુર રાજચંદ્ર હોસ્પિટલમાં નિયોનેટલ કોન્ફરન્સ યોજાઈ

ધરમપુર, બુધવાર

ધરમપુર અને આસપાસના વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની સારવાર અર્થે પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈના માર્ગદર્શનથી શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલની સ્થાપના થઈ છે. આ વિસ્તારોમાં શિશુમૃત્યુનો મુદ્દો ખૂબ ગંભીર છે. સુવાવડ માટે આવતી સ્ત્રીઓ કુપોષણથી પીડિત હોય છે. આથી શારીરિક અને માનસિક ખોડખાપણ ધરાવતા શિશુજન્મ અને શિશુમૃત્યુનો વિશેષ ભય હોય છે.

## સ્ટેનફોર્ડ યુનિ. (અમેરિકા)નાં નિષ્ણાંત ડોકટરોએ હોસ્પિ.ના કેર યુનિટના સ્ટાફને વિશિષ્ટ તાલીમ આપી

શ્રીમદ રાજચંદ્ર નિયોનટલ ઈન્ટેન્સીવ કેર યુનિટમાં વર્ષે લગભગ ૭૦૦૦ નવજાત શિશુઓની સારવાર થાય છે. શિશુમૃત્યુના દરને નીચો લાવવાના તેઓના સતત પ્રયત્નો રહે છે. હાલમાં જ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના નિયોનેટોલોજી વિભાગના નિષ્ણાંત ડોક્ટરોએ તા. ૧૬ થી ૨૦ મી એપ્રિલ સુધી શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના નિઓનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટના સ્ટાફને વિશિષ્ટ તાલીમ આપી હતી. આ ઉદ્દેશ્યમાં આગળ વધતા તા. ૨૩ અને ૨૪ મી એપ્રિલે એક નિયોનેટલ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને લ્યુસિલ પેકાર્ડ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, ગુજરાત સરકારના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના ડોક્ટરો તથા અન્ય સ્ટાફે ભાગ લીધો હતો. આ કોન્ફરન્સનો મુખ્ય મુદ્દો હતો, રાજ્યમાં શિશુમૃત્યુના પ્રમાણને ઘટાડવા અને શિશુઓ તથા માતાઓના સ્વાસ્થ્ય સુધાર અર્થે ઠોસ નીતિઓ ઘડી કાઢવી અને તેના અમલીકરણ માટે જરૂરી પગલા લેવા. રાજ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ એવી આ કોન્ફરન્સમાં શિશુમૃત્યુની સમસ્યા નિવારણમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ પહેલ કરી અગત્યનો ભાગ ભજવી શકશે એવું મંતવ્ય પણ રજુ કરવામાં આવ્યું હતું.